# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ દ્રિપક્ષિય સહયોગ વધારવા સંમત થયા.

2) દેશમાં વિશ્વ કક્ષાના માર્ગ-પરિવહન માળખાનું નિર્માણ થઈ રહ્યું હોવાનું જણાવતા માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી.

3) ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના મતદાર યાદીમાં છેડછાડના આરોપોને નકારી કાઢ્યા.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી આજે બિહારના સીતામઢી જિલ્લામાં પુનૌરા ધામ ખાતે સીતામાતાના ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરશે

5) બેંગકોકમાં ચાલી રહેલી અંડર-19 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતે અત્યાર સુધીમાં 12 ચંદ્રકો જીત્યા

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-BRAZIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા વચ્ચે ગઈકાલે ટેલિફોનીક વાતચીત થઈ હતી. પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, વાતચીત દરમિયાન, બંને નેતાઓ વેપાર, ટેકનોલોજી, ઉર્જા, સંરક્ષણ, કૃષિ, આરોગ્ય અને લોક સંપર્ક વધારવા સંમત થયા હતા. તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે, વાતચીત દરમિયાન, બંને નેતાઓએ બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# PM-FARMERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત તેના ખેડૂતો, માછીમારો અને પશુપાલકોના હિત સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. નવી દિલ્હીમાં એમ.એસ. સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરતાં પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો હતો કે ખેડૂતોનું કલ્યાણ તેમની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

[BYTE -PM-FARMERS]

ભારતને ખાદ્ય ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા માટે ડૉ. સ્વામિનાથનના નેતૃત્વ હેઠળના આંદોલનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારત દૂધ, કઠોળ અને શણનો વિશ્વનો નંબર એક ઉત્પાદક દેશ છે. તેમણે આબોહવા-સ્થિતિસ્થાપક પાકોની વધુને વધુ જાતો વિકસાવવા અને ગરમી-પ્રતિરોધક પાક પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# GADKARI - ICEMA

દેશમાં વિશ્વ કક્ષાના માર્ગ અને પરિવહન માળખાનું નિર્માણ થઈ રહ્યું છે, જેના કારણે મુસાફરીનો સમય ઓછો થઈ રહ્યો છે- પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન મળી રહ્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત ભારતીય બાંધકામ ઉપકરણ ઉત્પાદક સંગઠનના 75માં વાર્ષિક સંમેલનને સંબોધતા માર્ગ પરિવહન મંત્રી શ્રી ગડકરીએ આ મુજબ જણાવ્યુ હતું.

શ્રી ગડકરી કહ્યું, ભારત હવે જાપાનને પાછળ છોડીને વિશ્વમાં બાંધકામ ઉપકરણોનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ગયો છે. માર્ગ બાંધકામની ગુણવત્તા વિશે વાત કરતા તેમણે કહ્યું કે સરકાર ગુણવત્તા સાથે કોઈ સમાધાન કરશે નહીં અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે સરકાર દેશમાં માર્ગ અને પરિવહન માળખામાં વિશ્વ કક્ષાના સલામતી પગલાં અને ગુણવત્તા જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ પ્રસંગે શ્રી ગડકરીએ બાંધકામ પ્રવૃત્તિઓમાં ડીઝલનો વપરાશ ઘટાડવા અને પર્યાવરણીય પ્રદૂષક ઘટકોના વિકલ્પો અપનાવવા વિનંતી કરી.

# EC-RAHUL GANDHI

ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના મતદાર યાદીમાં છેડછાડના આરોપોને નકારી કાઢ્યા છે. સોશિયલ મીડિયા પર ફેક્ટ ચેક કમિશને આ આરોપોને ભ્રામક ગણાવ્યા અને કહ્યું કે જો શ્રી ગાંધીને લાગે છે કે તેઓ જે કહી રહ્યા છે તે સાચું છે, તો તેમણે ચૂંટણીપંચના નિયમો અનુસાર ઘોષણાપત્ર અથવા સોગંદનામા પર સહી કરવી જોઈએ.

પંચે એમ પણ કહ્યું કે જો લોકસભામાં વિપક્ષના નેતાને પોતાની જ વાત પર વિશ્વાસ ન હોય તો તેમણે વાહિયાત તારણો કાઢવાનું અને દેશવાસીઓને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવું જોઈએ.

# BJP- RAHUL

ચૂંટણી યોજવામાં ચૂંટણી પંચની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવવા બદલ ભાજપે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, પાર્ટીના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું, આ પહેલી વાર નથી જ્યારે શ્રી ગાંધીએ બંધારણીય સંસ્થાઓ પર આરોપ લગાવ્યા છે. શ્રી પાત્રાએ કહ્યું કે શ્રી રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસ નેતાઓ એવા રાજ્યોમાં ચૂંટણી પંચની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવતા નથી જ્યાં કોંગ્રેસે ચૂંટણી જીતી છે. તેમણે કહ્યું કે જ્યારે 2024ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે 99 બેઠકો જીતી હતી, ત્યારે પાર્ટીએ આ જીતની ઉજવણી કરી હતી. ભાજપના પ્રવક્તાએ કહ્યું કે આમ કરવાથી કોંગ્રેસનો પસંદગીયુક્ત રોષ સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે.

(બાઇટ- સંબિત પાત્રા)

ઉલ્લેખનીય છે કે, એક પત્રકાર પરિષદમાં, શ્રી રાહુલ ગાંધીએ મતદાર યાદીઓમાં છેડછાડનો આરોપ લગાવીને તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BIHAR - AMIT SHAH

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે બિહારના સીતામઢી જિલ્લામાં પુનૌરા ધામ ખાતે દેવી સીતાને સમર્પિત ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરશે**

બનારસ અને મિથિલાના વિદ્વાનો અને પુજારીઓની દેખરેખ હેઠળ આજે બપોરે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે આ શિલાન્યાસ કરાશે. મંદિર અને તેની

આસપાસના સંકુલના નિર્માણ પર અંદાજે 883 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. બિહાર સરકારે નવા મંદિરના નિર્માણ માટે 50 એકર જમીન સંપાદન કરવાનો નિર્ણય લીધો છે. મંદિરના સંચાલન માટે શ્રી જાનકી જન્મભૂમિ પુનૌરા ધામ મંદિર ન્યાસ સમિતિ નામના ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. તેઓ સીતામઢીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સીતામઢી-નવી દિલ્હી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી આપશે.

## UTTARAKHAND- HIMACHAL

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધારાલી-હરસિલ વિસ્તારમાં રાહત અને બચાવ કામગીરી પૂર ઝડપે ચાલી રહી છે. ગઇકાલે ચિનૂક હેલિકોપ્ટર મદદે આવતા બચાવ કાર્યમાં વેગ આવ્યો છે. ગઇકાલે સાંજે છ વાગ્યા સુધી, ગંગોત્રી વિસ્તારમાંથી 372 લોકોને સુરક્ષિત રીતે બચાવી હર્ષિલ લાવવામાં આવ્યા છે. ફસાયેલા લોકો માટે પીવાનું પાણી, દવાઓ, ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ગઇકાલે બચાવ કાર્યની સમીક્ષા કરી હતી. અને વીજળી, પાણી, સંદેશાવ્યવહાર, માર્ગ જોડાણ સહિત મૂળભૂત સુવિધા ઝડપથી પુનઃસ્થાપિત કરવા નિર્દેશ આપ્યો હતો.

દરમિયાન હિમાચલ પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદમાં થોડી રાહત મળી છે. જોકે, મુશળધાર વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને કારણે, રાજ્યભરમાં બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને 452 રસ્તાઓ ટ્રાફિક માટે બંધ છે. આ

ચોમાસામાં અત્યાર સુધીમાં, રાજ્યમાં 58 પૂર, 30 વાદળ ફાટવાના અને 51 ભૂસ્ખલનના બનાવો નોંધાયા છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં 202 લોકોનાં મોત થયા છે, જ્યારે 37 લોકો હજુ પણ ગુમ થયાના અહેવાલ છે.

## SIKKIM - KMY

સિક્કિમમાં કૈલાશ માનસરોવર યાત્રાનો છેલ્લો સમૂહ ગઈકાલે રાત્રે ગંગટોક પહોંચ્યો. નાથુલા પાસથી મુસાફરી કરી રહેલા આ છેલ્લા અને દસમા સમૂહમાં અધિકારીઓ સહિત કુલ પચાસ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. આજે તેમને ગંગટોક ખાતે ITBPના કર્મચારીઓ દ્વારા માહિતી આપવામાં આવશે.

આ યાત્રા 11 થી 12 દિવસમાં પૂર્ણ થવાની ધારણા છે. પાંચ વર્ષના અંતરાલ પછી, આ વર્ષે સિક્કિમના નાથુલા માર્ગથી યાત્રા ફરી શરૂ થઈ છે.

## U-19 ASIAN BOXING

બેંગકોકમાં ચાલી રહેલી અંડર-19 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતે અત્યાર સુધીમાં 12 ચંદ્રકો જીત્યા છે.

સ્પર્ધામાં ગઈકાલે પાંચ પુરુષ બોક્સરોએ પોતપોતાના વજન વર્ગમાં જીત સાથે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. શિવમ, મૌસમ સુહાગ, રાહુલ કુંડુ, ગૌરવ અને હેમંત સાંગવાને પ્રભાવશાળી પ્રદર્શન કરીને સાત મહિલા મુક્કેબાજો સાથે અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે .

ઉલ્લેખનીય છે કે અંડર-19 અને અંડર-22 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ એકસાથે યોજાઈ રહી છે, અને ભારતે અંડર-22 કેટેગરીમાં પણ 13 ચંદ્રકો મેળવ્યા છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

આજના અખબારોના મુખ્ય સમાચાર જોઇએ તો

1) ટ્રમ્પના ટેરિફ ટેરર મામલે અને ખેડૂતોના હિત સાથે કોઇ સમાધાન નહીના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને લઇને તમામ અખબારોએ હેડલાઇન બનાવી છે.

2) ગુજરાત સમાચારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને લખ્યું છે કે ધરતીપુત્રોનું ભવિષ્ય મારા માટે શિરમોર

3) સંદેશે પીએમ મોદીના નિવેદન સાથે હેડલાઇનમાં લખ્યું છે કે ટેરિફ મુદ્દે બહુ મોટી કિંમત ચૂકવવા તૈયાર

4) દિવ્ય ભાસ્કરે ચૂંટણીઓમાં ચૂંટણી પંચની નિયત સામે ઉઠાવેલાઉ પ્રશ્નોના સમાચારને મહત્વ આપીને રાહુલગાંધીના નિવેદન સાથે લખ્યુ છે કે ચૂટણી પંચ અને ભાજપ વોટ ચોરી રહ્યું છે જ્યારે ભાજપના પ્રત્યુત્તરને ટાંકીને લખ્યું છે. આરોપ લોકશાહી વિરૂધ્ધનું ષડયંત્ર

5) ભારત નહીં ઝૂંકે કિંમત ચૂકવવા તૈયાર એવા પ્રધાનમંત્રીના નિવેદનની ફૂલછાબે હેડલાઇન બનાવી છે.

6) આ ઉપરાંત રાહુલ ગાંધીના ચૂંટણી પંચ સામેના આરોપો અને ભાજપનો પ્રત્યુત્તર , સીઆરપીએફની બસ જમ્મુ કાશ્મીરમાં ખીણમાં ખાબકતાં ત્રણ જવાનના મોત અને સુપ્રીમ કોર્ટે ઇડીનો લીધેલો ઉધડાના સમાચાર પણ તમામ અખબારોના પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.